# ઠંડા પવનો ચાલુ રહેતા પારો ગગડ્યો

## બે દિવસ અગાઉ પડેલા કમોસમી વરસાદની અસર હજુ રહેતા વાતાવરણમાં હજુ ઠંડક

ગાંધીનગર, તા. ૪

બે દિવસ અગાઉ બદલાયેલા વાતાવરણની અસર હજુ હોય તેમ હજુ વાતાવરણમાં ઠંડક છવાયેલી છે. લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી અનુક્રમે ૧૧.૮ ડિ.સે. અને ૧૩.૦ ડિગ્રી જેટલું નોંધાઈ રહ્યું છે. દિવસ દરમ્યાન પણ હજુ વાતાવરણમાં ઠંડક અનુભવાય છે.

ફેબ્રુઆરી માસના અંતિમ તબક્કામાં એકાદ બે દિવસ ગરમીનો અહેસાસ થયા બાદ માર્ચ મહિનાના પ્રારંભે વાતાવરણમાં બદલાવ આવ્યો હતો અને ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગોમાં વધતા ઓછા અંશે કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદ પડતા અને સાથે જ સુસવાટાભર્યા પવનો ફુંકાતા વાતાવરણ એકદમ હીલસ્ટેશન જેવુ થઈ ગયું હતું. ફરીથી જાણે ૠતુચક્ર ફરી ગયુ હોય તેમ ભારે ઠંડીનો અહેસાસ થતો હતો. લઘુત્તમ તાપમાન ખુબ નીચુ પહોંચી ગયુ હતુ. વાતાવરણમાં આવેલા આ બદલાવની અસર હોય તેમ ઠંડા પવનો હજુ ચાલુ રહ્યા છે. લઘુત્તમ તાપમાન ગઈકાલ ૧૧.૮ ડિ.સે. અને આજે ૧૩.૦ડિ.સે. નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાનની સાથે સાથે મહત્તમ તાપમાન પણ નીચી આવ્યુ છે. તડકો નીકળ્યો છે પરંતુ હજુ પરસેવો થાય તેટલી ગરમી પડતી નથી. મહત્તમ તાપમાન આજે ૨૮.૫ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૫૯ ટકા અને સાંજે ૨૮ ટકા નોંધાયું હતું.

### અરવિંદ મીલના ચીફ મેનેજર પાસે ખંડણી માંગનાર ઝડપાયો

# મીલના વર્કરે જ તેના સાહેબ પાસે ૧૦ લાખની ખંડણી માંગી હતી

## સીઆઈડી સીરીયલનો એક એપીસોડ જોઈને બનાવટી દસ્તાવેજોથી સીમકાર્ડ લઈ ખંડણી માંગી હતી : એલસીબીએ આરોપીને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૪

કલોલ તાલુકાના ખાત્રજ ખાતે સ્થિત અરવિંદ મીલના ચીફ મેનેજરને ધમકીભર્યો એસએમએસ કરીને રૂ. ૧૦ લાખની ખંડણી માંગવામાં આવી હોવાની ફરીયાદ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. ગાંધીનગર એલસીબીએ આ ખંડણીખોર યુવાન શખ્સને આજે ઝડપી લીધો છે. પોતાના હાથ નીચે જ નોકરી કરતા વર્કરે તેના સાહેબ ચીફ મેનેજરને બોગસ સીમના આધારે મેસેજ કરી ખંડણી માંગી હોવાનુ ખુલ્યુ છે. સીઆઈડી સીરીયલનો એક એપીસોડ જોયા પછી તેને આ ગુનો આચરવાની પ્રેરણા મળી હોવાનુ આરોપી જણાવી રહ્યો છે.

ખાત્રજ અરવિંદ મીલના ચીફ મેનેજર સોમનાથ લક્ષ્મીચંદ મૈતીને ૧લી માર્ચ સવારે તેમના મોબાઈલ પર મેસેજ આવ્યો કે 'આવતીકાલે રૂ. ૧૦ લાખ બપોરે ચાર વાગ્યા સુધીમાં તૈયાર રાખજે, તારી પત્ની અટીરમાં નોકરી જાય છે અને તારો દિકરો સ્કૂલમાં જાય છે એ મને ખબર છે અને આ અંગે પોલીસને જાણ કરતો નહી, નહીતર કલોલમાં જે ડોક્ટરનો હાલ થયો તેવો હાલ થશે.' આ એસએમએસ જે નંબર પરથી આવ્યો તે નંબર પર ચીફ મેનેજરે કોલ કર્યો તો હિન્દીમાં ખંડણીખોરે વાત કરી કે 'તુ કહી સે ભી જુગાડ કરકે ૧૦ લાખ લેકે કલ સામ કો ચાર બજે તક તૈયાર રહેના....' અને ફોન કાપી નાંખ્યો..! ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધાવા પામ્યો હતો. ડીએસપી શરદ સિંઘલની સુચનાથી



એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે તેમના કર્મચારીઓ પૈકી જે આવતા ન હોય તેની યાદી મંગાવી તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

બાતમી મળી કે મુળ બિહારના મુઝફ્ફરપુરનો અને હાલ કલોલ મથુરીયા રેલવે પુર્વમાં રહેતો મિથુન ભરત મિશ્રા અગાઉ ચિફ મેનેજરના હાથ નીચે કામ કરતો હતો. અને કેટલાક દિવસોથી નોકરી ઉપર આવતો ન હતો. તેના ઘરે જઈ મિથનને ઉપાડીને એલસીબી લઈ આવી કડક પુછતાછ કરતાં તેણે જ ધમકીભર્યો મેસેજ કરી ખંડણી માંગી હોવાની ચોંકાવનારી કબુલાત કરી લીધી હતી. પોતાની આર્થિક સ્થિતિ નબળી હતી અને પૈસાની જરૂર હતી. ટીવી સીરીયલ સીઆઈડીમાંથી પ્રેરણા લઈ તેણે જ્યાં કામ કરતો ત્યાં જ સાહેબ સોમનાથ મૈતી પાસેથી ખંડણી ઉઘરાવવાનો પ્રી-પ્લાન બનાવી ખોટા ડોક્યુમેન્ટથી અન્ય વ્યક્તિના નામનુ રીલાયન્સનું કાર્ડ ખરીદીને પોતાના મિત્રના જુનો મોબાઈલ લઈ તેમાંથી ખંડણી માટે મેસેજ મિથુને કર્યો હતો. પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ધૂળેટીના પર્વે શહેરીજનો વિટકોસ સેવાથી વંચિત રહેશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના માર્ગો પર દોડતી ખાનગી બસ સેવા વિટકોસ સીટી બસ સેવા આવતીકાલ તા. ૬ માર્ચે ધૂળેટી



નિમિત્તે સંપૂર્ણ રીતે બંધ રહેશે. અને બીજા દિવસે આ સેવા રાબેતામુજબ ચાલુ થઈ જશે.

રાજયના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી નાગરિકો માટે અવર-જવર કરવા સીટી બસ સેવા વિટકોસ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ બસ સેવા ગાંધીનગરના સેક્ટરો સહિત આસપાસના ૧૦ કિ.મી.ના ગામડાઓ અને વિસ્તારો સુધી નાગરિકોને પહોંચાડે છે.

રોજના અસંખ્ય અપડાઉન કરતા મુસાફરોને પણ આ બસ સેવાથી મોટો ફાયદો થઈ રહ્યો છે. અને હાલ નગરના નાગરિકોની જરૂરિયાત બની ગઈ છે. નજીવા ભાડાથી મુસાફરોને પણ અનેકરૂપે ફાયદો થઈ રહ્યો છે ત્યારે માર્ચ મહિનામાં આવનાર તહેવાર હોળી-ધૂળેટીના અનુસંધાને આગામી તા. ૬ માર્ચ-૨૦૧૫ના દિવસે વિટકોસ પોતાની તમામ સેવાઓ સંપૂર્ણ રેતી બંધ રાખશે. અને તા. ૭મી માર્ચ-૨૦૧૫ ના રોજ આ વિટકોસ સેવા પુનઃ રાબેતા મુજબ ચાલુ રહેશે. આથી શહેરીજનોએ એક દિવસ વિટકોસ સેવાનો લાભ નહી મળે તેમ સંસ્થાના મેનેજરે જણાવ્યું હતું.

# ખાખી દોરાથી થીંગડુ મારેલા શર્ટે પોલીસને હત્યારા સુધી પહોંચાડી..!

## આરોપી હોમગાર્ડનો શર્ટ બનાવ સ્થળેથી મળ્યો હતો : એક જ પ્રોપર્ટી બે પાર્ટી સાથે ગીરોખત કરતાં વૃદ્ધ સોનીને ઝુંડાલ લઈ જઈ મિત્ર હોમગાર્ડની મદદથી તેની હત્યા કરાઈ

ગાંધીનગર, તા. ૪

અમદાવાદના સાબરમતી વિસ્તારના વૃદ્ધ સોનીની ઝુંડાલ કેનાલ પાસેની ઝાડીઓમાં છરી મારી હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઘટના સ્થળ પાસેથી પોલીસને એક આખી બાયનો જુનો થીંગડા મારેલો શર્ટ મળી આવ્યો હતો. જેમાં લોહીના ડાઘ પણ હતા. મહત્વની કડીરૂપ આ શર્ટમાં જે દોરાથી થીંગડુ



મારેલુ હતુ તે ખાખી દોરો હતો. જે માત્ર પોલીસ કે હોમગાર્ડ ઉપયોગ કરતા હોય છે. આ ટાંકાને આધારે તપાસ શરૂ કરીને ગાંધીનગર એલસીબી અને અડાલજ પોલીસે હત્યારાઓને શોધી કાઢ્યા છે. પોલીસે બંને હોમગાર્ડ મિત્રોને હત્યાના ગુનામાં ઝડપી લઈ સઘન પુછપરછ શરૂ કરી છે. તે ઉપરાંત હત્યા માટે વપરાયેલી છરી પણ કબ્જે કરી લીધી છે.

સાબરમતીના ૬૪ વર્ષીય લક્ષ્મીચંદ સોનીની હત્યા કરેલી હાલતમાં ઝુંડાલ કેનાલ પાસેથી મળેલી લાશ બાદ ડીએસપી શરદ સિંગલની સુચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા અડાલજ પી.આઈ. ડી.ડી. ચાવડાની ટીમોએ હત્યારા સુધી પહોંચવા દોડધામ શરૂ કરી હતી. બાતમીદારો પાસેથી માહિતી મળી કે છેલ્લા પાંચેક વર્ષથી લક્ષ્મીચંદ સોની સાથે મકાન તથા દુકાન બાબતે પૈસાની લેવડ-દેવડ તેમજ ગીરોખત બાનાખત જેવા કરારો થયેલા છે. તે દિશામાં તપાસ કરતાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ બ્રહ્મદેવ કિશનલાલ વર્મા રહે. જવાહરચોકની ભુમિકા શંકાસ્પદ લાગી હતી. બ્રમદેવ વર્મા દિલ્હી ભાગી ગયો હતો. એલસીબીની ટીમ તેને દિલ્હીથી ઉઠાવી લાવી અને પુછપરછ કરતા બ્રહ્મદેવ વર્માએ તેના મિત્ર માનસીંગ જે. રાજપુત (રહે. ડી. કેબીન) સાથે મળીને વૃદ્ધ સોનીની હત્યા કરી હોવાની કબુલાત કરી લીધી હતી. માનસીંગને ખુન કરવા રૂ. ૨૫ હજાર આપવાનું નક્કી કર્યું હતું. બ્રહ્મદેવ ૨૧ ફેબ્રુઆરીએ ચાંદખેડા અદાણી સીએનજી પંપ ખાતે બોલાવી ત્યાથી પોતાના મિત્રની રીક્ષામાં બેસાડી આગળથી તેના મિત્ર માનસીંગને પણ સાથે લઈ જઈ લક્ષ્મીચંદને ઝુંડાલ સર્કલથી આગળ શ્રી બાલાજી ગ્રીનવેલી સોસાયટીથી નર્મદા કેનાલની ઝાડીઓમાં લઈ ગયા અને રીક્ષામાંથી સોનીને ઉતારી તેમનું માથુ ઉંચુ કરીને ગળાના ભાગે છરીના ઘા મારી દીધા હોવાની ચોંકાવનારી કબુલાત કરી છે. લક્ષ્મીચંદને તેની પ્રોપર્ટીના નાણા ચુકવ્યા હોવા છતાં તેણે વધુ રૂપિયા પડાવવાના આશયથી તે ઉઘરાણી કરતાં હોવાથી હત્યા કરવાનું બ્રહ્મદેવ વર્માએ મનોમન નક્કી કરી નાંખ્યું હતું.

# આઈએએસ પ્રદિપ શર્માના બંગલે ઘરફોડીયાઓનો હાથફેરો

## સેક્ટર-૧ ખાતે સ્થિત બંગલો એક અઠવાડિયુ બંધ હતો તે અરસામાં તસ્કરો ઘુસ્યા : રૂ. ૫૫ હજારના મુદ્દામાલની ચોરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ખાતે રહેતા આઈ.એ.એસ. અધિકારી પ્રદિપ શર્મા એક અઠવાડિયા માટે બંગલાને તાળુ મારીને બહારગામ ગયા હતા તે અરસામાં તેમના બંગલામાં ઘુસીને તસ્કરો રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી ગયા છે. કોલ રેકોર્ડિંગ પ્રકરણમાં વિવાદમાં આવેલા આ અધિકારીના બંગલે કિંમતી માલમત્તાની ચોરી માટે જ તસ્કરો ઘુસ્યા હતા કે અન્ય કોઈ દસ્તાવેજોની ચોરી માટે ? તે પણ સવાલો ચર્ચાના એરણે છે. સે. ૭ પોલીસે પ્રદિપ શર્માની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આઈએએસ અધિકારી પ્રદિપ શર્મા શહેરમાં સેક્ટર-૧ ખાતે સ્થિત તેમના બંગલા નં. ૪૬૫/એ-૨ ને તાળુ મારીને ૨૫ ફેબ્રુઆરીએ બહારગામ ગયા હતા. ગઈકાલે ૩ માર્ચે તેઓ પરત ફર્યા તો તેમના દરવાજાનો નકુચો તુટેલો હતો. બંગલાની પાછળની ગેલેરીની જાળી તોડી અંદર જઈ દરવાજાનો નકુચો તોડીને ડ્રોઈંગરૂમમાં ઘુસેલા તસ્કરો એક પાઉચની ચોરી કરી ગયા હતા. આ પાઉચમાં રૂ. ૭ હજાર રોકડા, રૂ. ૫ હજારની ઘડીયાળ, આઈ ફોન-૪-એસ મોબાઈલ, બે સોનાની વીંટી મળીને કુલ રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ હતો. સે. ૭ પોલીસમથકના પીએસઆઈ એન.પી. ચૌહાણે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# આ ધૂળેટીમાં 'મોદી પિચકારી' હરિફ ઘેરૈયાઓને કરશે ચિત્ત

## કાર્ટૂનવાળી, પ્રાણીઓના ચિત્રોવાળી અને નરેન્દ્ર મોદીના ફોટાવાળી પિચકારીઓ ઈન-ડીમાન્ડ : રંગો ઉપરાંત ધાણી ખજૂરની લારીઓ બજારોમાં ઉભરાઈ



(તસવીર : સમીર રામી)

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં હોળીના તહેવારનો માહોલ રંગબેરંગી રંગોથી જામી ગયો છે. નગરમાં બાળકો માટે અવનવી પિચકારીઓ જેમાં સૌથી હોટ ફેવરીટ 'મોદી પિચકારી'એ ભારે આકર્ષણ જમાવ્યું છે. આ ઉપરાંત વિવિધ રંગો અને ધાણી-ખજૂરની હાટડીઓ નગરના મુખ્ય બજારો ઉપરાંત સેક્ટર્સના શોપીંગ સેન્ટરો પર જોવા મળી રહી છે.

રંગોનો ઉત્સવ હોળી એક લોક તહેવાર છે, આ તહેવાર બાળકોમાં ખૂબ પ્રિય અને હોળી રમવા બાળકોને સૌથી પ્રિય પિચકારી હોય છે. ગાંધીનગરના બજારોમાં હાલ ૩૦-૪૦ રૂપિયાથી ચાલુ કરીને ૭૦૦-૮૦૦ રૂપિયા સુધીની વિવિધ પિચકારીઓ ઉપલબ્ધ છે. આ પિચકારીઓમાં પરંપરાગત સાદી પિચકારીઓ ઉપરાંત એર પ્રેશરવાળી મશીનગન અને ફાયરબ્રિગેડવાળા જેવા પંપ ધરાવતી પિચકારીનો પણ બજારમાં મળી રહી છે.

આ પિચકારીઓમાં બાળકોમાં કાર્ટૂન જેવા કે ડોરેમોન, પોકેપોન, સ્પાઈડરમેન, એન્ગ્રીબર્ડ, ડોલ્ફીન, છોટાભીમ અને બેન-ટેનના ચિત્રોવાળી ખૂબ આકર્ષણ જમાવી રહી છે. જો કે અત્યારે બજારમાં બાળકોમાં સૌથી વધુ લોકપ્રિય 'મોદી પિચકારી' છે જે લગભગ ૧૨૦ રૂપિયાથી માંડીને ૨૫૦ રૂપિયા સુધીની રેન્જમાં મળે છે. આ પિચકારીમાં એક પ્રેશરપંપ હોય છે અને ઉપર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો લગાડેલો હોય છે. આ પિચકારી હોળીમાં વિરોધી ઘૈરેયાઓને પરાજિત કરવામાં માહેર છે. તેવી બાળકોમાં છાપ ઉભી કરે છે અને નરેન્દ્ર મોદી બાળકોમાં ખૂબ લોકપ્રિય છે તેથી આ પિચકારીની માગં સારા પ્રમાણમાં જોવા મળી રહી છે. આ ઉપરાંત રંગ ભરીને એક બીજા પર ફેંકવાના ફુગ્ગાઓની પણ બાળકોમાં ખૂબ માંગ છે.

બજારમાં હોળીના રંગો લગભગ ૫ રૂપિયાના ૧૦૦ ગ્રામથી માંડીને ૧૦૦ રૂપિયે ૧૦૦ ગ્રામ સુધી વેચાઈ રહ્યા છે. જેમાં સસ્તા કેમિકલ યુક્ત રંગો અને કેમિકલ વગરના નિર્દોષ રંગોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત મકાઈ અને જુવારની ધાણી અનુક્રમે ૩૦ રૂપિયા અને ૨૦ રૂપિયાની ૨૫૦ ગ્રામ તેમજ ખજૂર ૨૦ રૂપિયે ૨૫૦ ગ્રામ વેચાઈ રહી છે. જો કે બજારમાં ખરીદીની તેજી છેલ્લા બે દિવસ જેમાં ખાસ કરીને હોળીના દિવસે જ સૌથી વધુ રહેશે તેવી વેપારીઓ અને લારીવાળા વિતરકોનું માનવું છે.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૯
સૂર્યાસ્ત : ૬.૪૫

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :
જો બકા : ૧૧.૦૦
દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦
બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦
બેબી : ૩.૪૫
સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :
બદલાપુર : ૧૦.૦૦
રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ૠતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ૠણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. લલીતાબેન ભીખાભાઈ ઠક્કર (ઉ.વ.૮૩) પ્લોટ નં. ૬૪૬/૨, સેક્ટર-૪સી, ગાંધીનગર
- સ્વ. વિમળાબેન ભગીરથ વોરા (ઉ.વ.૪૪) એમ-૬/૬૬, ધનલક્ષ્મી એપાર્ટ., સેકટર-૧૩બી, ગાંધીનગર
- સ્વ. ડાહ્યાજી શિવાજી સોલંકી (ઉ.વ.૭૫) આલમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન ભીખાભાઈ દંતાણી (ઉ.વ.૬૫) ગામ, આદીવડા, સે-૨૮. ગાંધીનગર